SANDESH
DT: 28-1-2017

SANDESH

SATURDAY, 28•01•2017

મવડી વિસ્તારમાં ભારતીય માનક બ્યૂરોનો દરોડો

# રાજકોટમાં વેંચાતા પાણીના નકલી ISI બ્રાન્ડ પાઉચ !

■ 'કેર' બ્રાન્ડ દ્વારા લાયસન્સ લીધા વગર કરાતું હતું વેચાણ

રાજકોટ,તા.૨૭

ભારતીય માનક બ્યુરોની એક ટીમ દ્વારા તાજેતરમાં રાજકોટના મવડી પ્લોટ વિસ્તારમાં ચેકિંગ કરતા આઈ.એસ.આઈ. માર્કવાળા નકલી પેક કરેલ પીવાના પાણીના પાઉચ મળી આવેલ અને તેથી ભારતીય માનક બ્યુરોનો ગેરઉપયોગ માલુમ પડેલ છે.

૩- મહાદેવ વાડી, ઉમાકાંત પંડિત ઉદ્યોગનગર, રાજકોટમાં મે. કેર ડ્રીંકીંગ વોટર પ્રા.લી.માં રેઈડ કરતા આવા પીવાના પાણીનો નોંધપાત્ર જથ્થો માલુમ પડેલ. જ્યારે આઈ.એસ.આઈ માર્ક પ્યોર ડ્રીંકીંગ વોટરનું લેબલ લગાવી કેર બ્રાન્ડથી ભારતીય માનક બ્યુરોના લાયસન્સ વગર બનાવવામાં આવતુ હતું.

ઉપરોક્ત યુનિટ પીવાના શુધ્ધ પાણી પર આઈ.એસ.આઈનો માર્ક લગાવવા ભારતીય માનક બ્યુરોનું માન્ય લાઈસન્સ ધરાવતુ ન હતું. જે પ્રીવેન્શન ઓફ ફુડ એડલ્ટરેશન રૂલ્સ ૧૯૫૫ હેઠળ જારી કરવામાં આવેલ કંટ્રોલ ઓર્ડર મુજબ આવશ્યક હતું.

આવી ગુનેગારો સામે બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ એક્ટ.૧૯૮૬ મુજબ પગલા લેવા ભારતીય માનક બ્યુરો, રાજકોટ કાર્યવાહી કરી રહેલ છે ? બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ એક્ટ મુજબ આ પ્રકારના ગુના સબ એક વર્ષની સજા અથવા રૂ.૫૦,૦૦૦/-નો દંડ અથવા બન્નેની જોગવાઈ છે.

આઈ.એસ.આઈ.માર્કનો આવો દુરઉપયોગ જાણમાં આવે, તો તેની જાણ હેડ, રાજકોટ બ્રાંચ ઓફિસ, ભારતીય માનક બ્યુરો, એચ.પી નં. ૩૬૪/ પી. વોર્ડ નં. ૧૩, કાલાવડ રોડ, ક્રિસ્ટલ મોલ સામે, ભારત પેટ્રોલીયમના પેટ્રોલ પંપની બાજુમાં, ને કરવી.

આવી ફરિયાદ rjbo@bis.gov.in અથવા hrjbo@bis.gov.in ના ઈ.મેઈલ સરનામે તેમજ ટેલીફોન નં.૦૨૮૧-૨૫૩૬૯૮૧ પર કરી શકાય છે. આવી ફરિયાદનું સ્ત્રોત ખાનગી રાખવામાં આવશે. તેમ બ્યુરો દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

ABA-TAK

DT: 28-1-2017

# ભારતીય માનક બ્યુરોએ આઈ.એસ.આઈ.ના ખોટા લેબલ લગાવેલા પાણીના પાઉચ પકડ્યા

રાજકોટ

ભારતીય માનક બ્યુરોની ટીમ દ્વારા મવડી પ્લોટ વિસ્તારમાં મે.કેર ડ્રીંકીંગ વોટર પ્રા.લી.માં રેઈડ કરતા આઈ.એસ.આઈ. માર્કવાળા નકલી પેક કરેલા પીવાના પાણીના પાઉચનો જથ્થો મળી આવ્યો હતો જે માર્ક પ્યોર ડ્રીંકીંગ વોટરનું લેબલ લગાવી કેર બ્રાન્ડથી ભારતીય માનક બ્યુરોનાં લાયસન્સ વગર બનાવવામાં આવતું હતુ.

આ અંગે ગુનેગારો સામે કાર્યવાહી કરી રહી છે. બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ એક્ટ મુજબ આ પ્રકારનાં ગુના માટે એક વર્ષની સખત સજા અથવા રૂ.૫૦ હજારનો દંડ અથવા બંનેની જોગવાઈ છે. વીજ વસ્તુઓ પર અસલ આઈએસઆઈ માર્કની ખાત્રી કરવી અને તે માટે મુલાકાત લઈ શકાય છે. જો આઈએસઆઈ માર્કનો આવો દુર ઉપયોગ જાણમાં આવે તો હેડ રાજકોટ બ્રાંચ ઓફીસ, ભારતીય માનક બ્યુરો, એચ.પી.નં. ૩૬૪/પી, વોર્ડ નં.૧૩ ધ્રાબાવડ રોડ, ક્રિસ્ટલ મોલ સામે ભારત પેટ્રોલ પંપની બાજુમાં જાણ કરવી તેમજ ૦૨૮૧-૨૫૭૩૬૮૧ ઉપર પણ ફરિયાદ કરી શકાશે. સ્રોત ખાનગી રાખવામાં આવશે તેમ યાદીમાં જણાવ્યું છે.

ABATAK

DT: 28-01-17